# શહેરમાં રવિવારે રાત્રે બે ઈંચ વરસાદ

**બે કલાકમાં જ ૫૫ મી મી વરસાદ વરસતા ચોમેર પાણી પાણી : દિવસના વાદળિયા વાતાવરણના અંતે આજે પણ સાંજે રીમઝીમ વરસાદ વરસ્યો**



ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં ગઈકાલે રાત્રે મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી બે કલાકમાં જ બે ઈંચથી વધુ વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. રોજબરોજ સાંજના સમયે બદલાતા આકાશી નઝારાના અંતે વરસાદ વરસવાનુ શરૂ થઈ જાય છે. આજે પણ સાંજે રીમઝીમ વરસાદ વરસ્યો હતો. શહેરમાં સિઝનનો કુલ ૫૯૦ મી મી વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોના પ્રારંભે વરસાદ વિના જનજીવન આકુળ વ્યાકુળ બન્યુ હતુ. આખો અષાઢ કોરો જતા વરસાદ આવશે કે કેમ તે અંગે આમ નાગિરકોથી માંડીને ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં વરસાદ બેશુમાર વરસતા ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતમાં સુકારો યથાવત રહેતા સૌ કોઈની નજર નભ તરફ મંડરાઈ હતી. પરંતુ શ્રાવણના પ્રારંભથી વરસાદ મન મુકીને વરસતા સર્વત્ર ઠંડક વચ્ચે ખુશીની લાગણી વ્યાપી હતી. સામાન્ય રીતે શ્રાવણ મહીનામાં સરવરિયા વરસતા હોય છે. જયારે આ વર્ષે મેહુલિયાએ શ્રાવણ અને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુ ગાંધીનગર વિસ્તાર મચ્છરોની ઉત્પત્તિનું મુખ્ય કેન્દ્ર બની ગયું

**વાસણ હડમતિયા જે આદરજ મોટી પ્રા.આ. કેન્દ્રના વિસ્તારમાં છે તેની ૮ પૈકી ૭ સોસાયટીમાં પોરા મળ્યા**

ગાંધીનગર, તા. ૯

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આજે ત્રાટકેલી જિલ્લા મેલેરિયા તંત્રની ટીમોએ ૨૬ જેટલી સોસાયટીઓમાંથી મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં ચોંકી ઉઠી હતી અને તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ૬ સોસાયટીમાં ભારે બ્રિડીંગ મળતાં સોસાયટીના સંચાલકોને નોટીસ થમાવી દેવામાં આવી છે. ૪ સોસાયટીના સંચાલકોને તંત્રની ટીમોએ નોટીસ થમાવી છે તો ૨ સોસાયટીના સંચાલકોને જિલ્લા મેલેરિયા અધિકારીએ નોટીસો આપતાં સમગ્ર પંથકમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

વાહકજન્ય રોગચાળા માટે ન્યુ ગાંધીનગરનો વિસ્તાર અતિ સંવેદનશીલ ગણવામાં આવી રહ્યો છે. ત્યાંથી છુટાછવાયા કેસો મળવાની શરૂઆત થઈ ચુકી છે તેથી હરકતમાં આવેલા તંત્રએ આજે ૧૮ થી વધુ ટીમો ઉતારી અને સર્વેલન્સની કામગીરી કરી હતી.

જો કે આજે સર્વેલન્સ દરમ્યાન સૌથી ચોંકાવનારી વિગત એવી બહાર આવી છે કે આદરજ મોટી પ્રા.આ. કેન્દ્રના વાસણા હડમતિયા ગામની ૮ સોસાયટીઓ પૈકી ૭માં મચ્છરોના પોરા મળ્યા હતા. આદરજ મોટી પ્રા.આ. કેન્દ્રની આટલી મોટી બેદરકારી હોવા છતાં તંત્ર મૌન ધારણ કરી બેઠુ છે તેનાથી સૌ આશ્ચર્યચકિત છે. આદરજ મોટી પ્રા.આ. કેન્દ્રની કથળતી જતી સેવાઓને લઈ આરોગ્ય સમિતિના ચેરમેન પણ નારાજગી ખાનગીમાં અને જાહેરમાં વ્યક્ત કરી ચુક્યા છે જે નોંધનીય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રમુખનગર બંગ્લોઝ, શાંતિવિલા બંગ્લોઝ, અક્ષત આઈકોન, સાર્થક એરામાં તંત્રની ટીમોને પોરા મોટી સંખ્યામાં મળતાં ટીમો દ્વારા નોટીસ આપી દેવામાં આવી છે.

આ ઉપરાંત મયુર અટરીયા મોલ તેમજ સ્વાગત ફ્લેમિંગોના સંચાલકોને જિલ્લા મેલેરિયા અધિકારી દ્વારા નોટીસો આપવામાં આવી છે.

જિલ્લામાં મેલેરિયા તંત્ર દ્વારા સર્વેલન્સ કે નોટીસો નહિ પણ જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે. ખાસ કરીને આદરજ મોટી પી.એચ.સી.ના સત્તાવાહકો દ્વારા દાખવવામાં આવેલ ગંભીર બેકાળજી એ આજે ચર્ચાનો મુદ્દો હતો.

એક તરફ સરકાર ૨૦૨૨ સુધીમાં મેલેરિયા નિર્મૂલનની વાતો કરે છે અને બીજી તરફ તંત્ર પગલાં લેવામાં ઉણુ ઉતરી રહ્યુ છે. તંત્ર દ્વારા માત્ર મોટી મોટી વાતો થાય છે. જો કે આજે સર્વેલન્સ દરમ્યાન ટીમો દ્વારા ડોર ટુ ડોર આઈ.ઈ.સી.ની કામગીરી કરવામાં આવી હતી.

## સપ્ટેમ્બર સુધી વરસાદ આવશે પછી શરદનો સંતાપ અકળાવશે : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ચોમાસાની ઋતુ બરાબર જામી છે અને હજુ પણ આ માસ દરમ્યાન રાજ્યમાં મેઘ મહેર થતી રહેશે તેવો સંકેત આપતા જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે કે સપ્ટેમ્બર બાદ શરદનો સંતાપ એટલે કે અકળાવનારો તાપ પડશે.

અંબાલાલ પટેલે ગાંધીનગર સમાચારને જણાવ્યુ હતુ કે આવનાર સપ્ટેમ્બર, ઓક્ટોબર માસના દિવસોમાં દરિયા કિનારે ભારે પવન ફૂંકાશે. શરદ સંપાત નજીકની પૂનમના ચંદ્રનું પણ ઘણુ મહત્વ છે. શરદ સંપાતમાં અકળાવનારો તાપ પડે. હજુ પણ રાજ્યના કોઈ કોઈ ભાગોમાં તા. ૧૬ સુધીમાં ગાજવાજ સાથે વરસાદી ઝાપટાં પડે. તા. ૧૪ સપ્ટેમ્બરથી દિવસે તાપ વધે જ્યારે તા. ૧૮થી ૨૮માં રાજ્યના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડે. તા. ૨૫ થી ૨૮માં દરિયા કિનારે ભારે પવન ફૂંકાય. તા. ૨૩મી સપ્ટેમ્બરે સૂર્ય સાયન તુલા રાશીમાં આવતા શરદસંપાત દિન ગણાશે.

સૂર્ય સાયન કન્યા રાશીમાં આવતા વર્ષાઋતુ પૂરી થાય છે અને તરત જ શરદઋતુ શરૂ થાય છે. સૂર્ય ઉત્તરના અકથીયામાં હોય ત્યારે ઉત્તરગોલ કહેવાય છે. દક્ષિણના અડદીયામાં હોય ત્યારે દક્ષિણગોલ કહેવાય છે. સૂર્યનો માર્ગ એટલે જ ક્રાંતિવૃત આ રીતે સૂર્ય હંમેશા ક્રાંતિવૃત્ત ઉપર જ હોય છે. પરંતુ વિષવવૃત ઉપર તો વર્ષ દરમ્યાન માત્ર બે જુદા જુદા દિવસોએ જ થોડીક ક્ષણો માટે જ

● અનુસંધાન પાન-૭ પર

## આર ટી ઓ કચેરીમાં આજે એજન્ટોને પ્રવેશ અપાયો નહીં આખરે પરિપત્રનો અમલ

**સામાન્ય દિવસોમાં એજન્ટોની અવરજવરથી ધમધમતી કચેરીમાં કર્મચારીઓની જ હાજરી : કચેરી આસપાસ બેસતા તત્વો તેમજ આડેધડ ખડકાતા વાહનોના મામલે પણ પોલીસને અરજી**

ગાંધીનગર તા ૯

રાજયની આર ટી ઓ કચેરીમાં ચાલતી એજન્ટ પ્રથાને નાબુદ કરવા માટે વાહનવ્યવહાર કમિશ્નરની કચેરી દ્વારા અગાઉ પરિપત્ર કરવામાં આવ્યો હતો. જયારે આ પરિપત્રના અંતે સફાળા જાગેલી ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં સોમવારે એજન્ટોને પ્રવેશવા દેવાયા ન હતા જેથી આર ટી ઓ કચેરીમાં માત્ર કર્મચારીઓની હાજરી જ વર્તાઈ હતી. જયારે આર ટી ઓ કચેરીની આસપાસ બિન અધિકૃત અડ્ડો જમાવતા તત્વો સહીત આડેધડ પાર્કીંગ સહીતની સમસ્યાને ડામવા માટે પોલીસને અરજી કરવામાં આવી છે.

રાજયમાં આર ટી ઓ કચેરીમાં એજન્ટપ્રથાને નાબુદ કરવા માટે પરિપત્ર કરાયો છે.જેમાં સ્પષ્ટ જણાંવાયુ છે કચેરીના વડા એક પરિપત્ર કરીને સંતોષ માનતા હોય અને કચેરીના વડાની રહેમ નજર નીચે આવી પ્રવૃતિ ચાલતી હોય તેમ જણાંય છે. ત્યારે હવે કોઈપણ કચેરીમાં એજન્ટ પ્રથા ચાલુ હોવાનુ ધ્યાને આવશે તો કચેરીના વડાની અંગત જવાબદારી રહેશે. જયારે આ મામલે નિષ્ફળતા બદલ ગુજરાત રાજય સેવા નિયમ મુજબ કાર્યવાહી કરાશે. જયારે આ કડક આદેશના લીધે હાલ અધિકારીઓ તેમજ કર્મચારી આલમમાં ફફડાટ વ્યાપ્યો છે. પરંતુ એજન્ટ પ્રથા માટે જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે પણ પગલા લેવાવવા જોઈએ તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. અનેકવાર એજન્ટ પ્રથા દુર કરવા માટે વાતો થઈ છે. પરંતુ અમલવારીના નામે મીંડુ જોવા મળી રહ્યુ છે. એટલુ જ નહીં પરંતુ કચેરીમાં આવતા અરજદારોના કામ એજન્ટ વિના થઈ જ ન શકે તે હદની સ્થિતિથી નાગરિકોમાં પણ ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે એજન્ટ પ્રથાના મુળિયા પણ અધિકારીઓની રહેમનજર હેઠળ જ થયા છે. આર ટી ઓ કચેરીમાં પણ આ પ્રકારની પ્રથા કાયમ માટે દુર થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે આજે ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં એજન્ટોને પ્રવેશ અપાયો ન હતો.ત્યારે એજન્ટ પ્રથાને ડામવા માટે છાશવારે આ મુજબ એકશન લેવામાં આવે છે જેના અંતે જૈસે થૈ ની સ્થિતિ સર્જાય છે.

## જિલ્લામાં ૪૧ હજાર વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાનુ પેન્ડીંગ

**એચ એસ આર પી નંબર પ્લેટ માટે આગામી શનિ- રવિમાં કેમ્પનુ આયોજન**

ગાંધીનગર તા ૯

શહેરમાં ટ્રાફિક નિયમનના મામલે તગડી દંડ વસુલી કરવામાં આવી રહી છે. જયારે વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવાના મામલે હજુ કેમ્પ આયોજિત કરવાની નોબત છે. હાલની સ્થિતિએ પણ જિલ્લામાં ૪૧ હજાર જેટલા વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાનુ પેન્ડીંગ છે. આગામી શનિ-રવિના રોજ એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવા માટે ખાસ કેમ્પનુ આયોજન કરાયુ છે.

ગાંધીનગરમાં વાહનોમાં હજુ હાઈસિકયુરીટી નંબર પ્લેટ લગાવવા માટે કેમ્પનુ આયોજન કરવામાં આવી રહ્યા છે. ગત દિવસોમાં આયોજિત કેમ્પમાં વાહનચાલકોએ ભાગ ન લેતા આખરે કેમ્પનુ બીજીવાર આયોજન કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આગામી શનિ રવિવારે એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવા માટે ખાસ કેમ્પનુ આયોજન કરાયુ છે. ગાંધીનગર જિલ્લામાં અંદાજિત ૫ લાખ વાહનો પૈકી હાલની સ્થિતએ ૪૧ હજાર જેટલા વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાની પેન્ડીંગ છે. સમયાંતરે વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવા માટે કેમ્પનુ પણ આયોજન કરવામાં આવે છે. જયારે ગત દિવસોમાં પણ કેમ્પનુ આયોજન

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગર કલ્ચરલ ફોરમ

૨૯ સપ્ટેમ્બર થી ૭ ઓક્ટોબર

મેગા ફાઈનલ સ્પર્ધા : તા. ૮-૧૦-૨૦૧૯

Navli Navratri 2019

આ નવરાત્રીએ ગાંધીનગરના લોકપ્રિય ગરબા નવા-વિશાળ ગ્રાઉન્ડમાં... નવું સરનામું : રામકથા મેદાન, સેક્ટર-૧૧, ગાંધીનગર




સ્પોન્સરશીપ અને સિઝન પાસના ગૃપ બૂકીંગ માટે સંપર્ક
હિરેન ભટ્ટ : 98250 63630
કિન્નર ઝવેરી : 98240 21135

ફૂડ સ્ટોલ્સ માટે સંપર્ક
રાજન શાહ : 96870 44321
મુંજાલ રાવલ : 98792 78295
વિગતો સાથેની અરજી તા. ૧૫-૯-૨૦૧૯ સુધીમાં કાર્યાલયને પહોંચાડવી

હોર્ડીંગ્સ-બેનર્સ માટે સંપર્ક
શાંતિલાલ ઘોઘારી : 98250 33740
સી. એલ. મહેતા : 94260 09649

LED સ્ક્રીન જાહેરાત માટે સંપર્ક
રાજન શાહ : 96870 44321
જયેશ પંચોલી : 98248 28169

ઈનામ-ભેટ માટે સંપર્ક
પંકજ દેસાઈ : 99254 60460
મંથન ભટ્ટ : 94284 15399

સિક્યોરિટી કોન્ટ્રાક્ટ માટે એજન્સીઓએ પોતાની સંપૂર્ણ માહિતી સાથેની અરજી સાથે તા. ૧૫-૦૯-૨૦૧૯ ને રવિવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ માં રુબરુ મળવું. વધુ વિગતો માટે સંપર્ક કાર્તિક પટેલ : 98257 21999

ગાંધીનગર કલ્ચરલ ફોરમ : C/O ગાંધીનગર સમાચાર કાર્યાલય ૬૮૪/૧, સેક્ટર - ૮, ગાંધીનગર. ફોન - 079-23222571, 23237571


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com